## વાત-વાતમાં.....

- સાઉથ એશિયન એસોસિએશન ફોર રિજનલ કોઓપરેશન-સાર્ક જે પ્રાદેશિક આંતર સરકારી સંગઠન સેવા સાથે દક્ષિણ એશિયાના રાજ્યોનો ભૂરાજકીય સંઘ છે તેના સભ્ય દેશોમાં અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, માલદીવ, નેપાળ, પાકિસ્તાન અને શ્રીલંકા છે. આ તમામ દેશોના સભ્યો ગાંધીનગર તાલુકાની શાળાઓની ગુરૂવારે મુલાકાતે પધારી રહ્યાં છે.
- ગાંધીનગરના સેક્ટર-૬ ખાતેની પોસ્ટ ઓફિસની બહાર સારી રીતે ઉભા રહી શકાય કે બેસી શકાય તેવી સુવિધા ના હોવાને કારણે ગ્રાહકોને પરેશાની વેઠવી પડી રહી છે. ખાસ કરીને આ પોસ્ટ ઓફિસના વડિલ ખાતેદારો આ સુવિધાના યોગ્ય અભાવે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે.
- ગાંધીનગરમાં ફરી એકવાર ટાબરિયા ગેંગ સક્રીય થઈ હોવાનું જણાઈ રહ્યું છે. આજે શહેરના મધ્યસ્થ એસટી ડેપો ખાતેથી બે ટાબરિયાં ચોરી કરતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

# પેથાપુરમાં જુગાર રમતા ૧૫ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૩

પેથાપુર ખાતે જુગાર રમતા ૧૫ શકુનીઓને પેથાપુર પોલીસે દબોચી લીધા છે. ત્યારે ૧૫ શકુનીઓમાંથી એક શકુની લોકસભાની ચુંટણી પણ લડી ચુક્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૨૬,૮૬૦, ૧૦ મોબાઈલ કિં.રૂ.૨૩ હજાર તેમજ રીક્ષા નંગ-૭ કિં.રૂ.૩.૭૦ અને એક વાહન સહિત કુલ રૂ. ૪,૧૯,૮૬૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પેથાપુર પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસને બાતમી મળી હતી કે પેથાપુરના સુરેલા તળાવ નજીક કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે રેઈડ

**એક જુગારી લોકસભા ચુંટણી લડી ચુક્યા છે**

પાડતા ગરવી ગુજરાત પાર્ટીમાંથી લોકસક્ષા ચુંટણી માં ઉમેદવારી નોંધાવનાર હિતુભા ઠાકોર, અલ્કેશ મનુભાઈ દંતાણી, ગીરીશ રમણજી ઠાકોર, અશ્વિન કિશન પરમાર, ધર્મેન્દ્રસિંહ દશરથસિંહ ડાભી, નરેશ કિશન સાધુ, લાલસિંહ મનુસિંહ ડાભી, અજય બાબુજી ઠાકોર, જીલાજી તખાજી ઠાકોર, વિપુલ રમેશજી ઠાકોર, કિર્તિ રામજીભાઈ મકવાણા, દશરથ પ્રતાપજી ઠાકોર, ધર્મેન્દ્રિસિંહ છત્રસિંહ વાઘેલા અને જશુ રામાજી ઠાકોરને પકડી પાડ્યા હતા. પેથાપુર પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૨૬,૮૬૦, મોબાઈલ નંગ-૧૦ કિં.રૂ.૨૩,૦૦૦, રીક્ષા નંગ-૭ કિં.રૂ.૩.૭૦ લાખ અને એક બાઈક મળીને કુલ ૮ વાહનો કબ્જે કર્યા હતા. પોલીસે રૂ.૪,૧૯,૮૬૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી

- જિલ્લાથી લઈ સચિવાલય સુધી તંત્ર બજેટની તૈયારીમાં વ્યસ્ત બન્યુ છે. આજે રાજ્યમંત્રી મંડળની બેઠકમાં પણ બજેટને લઈ ચર્ચાઓ થઈ હતી.
- સ્વચ્છ આંગણવાડી અને સ્વચ્છ બાળકની સ્પર્ધાઓ યોજવામાં આવશે તેવો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.
- પોષણમાસની ઉજવણીને લઈ સરકારે હવે પોષણ-આરતીની પણ રચના કરાવડાવી છે.
- ગાંધીનગર તાલુકાનો અંતિમ સેવાસેતુ ૨૪મીએ ગિયોડ ખાતે યોજાશે.
- ગાંધીનગર શહેરની બાળાઓ જે રિપબ્લીક ડે ની પરેડમાં ભાગ લેવા પહોંચી છે તેમના ઉત્સાહમાં વધારો કરવા આજે શહેર શાસનાધિકારી કિરણબેન પટેલ અને જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયના આચાર્ય દિલ્હી જવા રવાના થયા છે.
- નવસારીના સાંસદ સી.આર. પાટીલનું ઈન્સ્ટ્રાગ્રામ એકાઉન્ટ હેક થતાં તેમણે સુરત શહેર પોલીસ કમિશ્નરને ફરિયાદ કરી છે.

# ...તેમના બંધારણીય હક્કો પર તરાપને આદિવાસીઓ સાંખી નહી લે

### બીરસા મુંડા ભવન ખાતે એલઆરડી ભરતી પ્રક્રિયામાં માલધારી સમાજને અનુસૂચિત જનજાતિમાં સમાવવાનો આદિવાસી ઉમેદવારોએ વિરોધ વ્યક્ત કર્યો

લોકરક્ષક દળની ભરતી પ્રક્રિયામાં રબારી, ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિમાં સમાવવા માલધારી સમાજ દ્વારા મેળવવામાં આવેલા અનુસૂચિત જનજાતિના ખોટા દાખલાઓને માન્ય કરવા આંદોલન કરી સરકાર દ્વારા દબાણ ઉભુ કરવામાં આવતુ હોવાના આક્ષેપ સાથે આદિવાસી ખાતે આ બાબતને અનુલક્ષીને રાજયભરમાંથી આવેલા આદિવાસી ઉમેદવારો દ્વારા દેખાવો કરવામાં આવ્યા હતા.

ગાંધીનગરના સેક્ટર-૧૦માં બીરસા મુંડા ભવન ખાતે એકઠાં થયેલા આદિવાસી ઉમેદવારોએ એલઆરડી ભરતીમાં અન્યાયના નામે માલધારી સમાજ દ્વારા ભરવાડ અને ચારણને દુર્ગમ વિસ્તારમાં રહેતા હોવાથી અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપ્યો હતો. જો તેઓ નેશ છોડે તો તે દરજ્જો આપોઆપ ગુમાવતા હતા કોઈને અનુસૂચિત જનજાતિમાં સામેલ કરવાનો અધિકાર માત્ર રાષ્ટ્રપતિને જ છે છતાં ગુજરાત સરકાર દ્વારા ખોટા ઠરાવો કરી




ખોટા આદિજાતીના પ્રમાણપત્રો મેળવી સરકારી નોકરીમાં પસંદગી પામેલા ઉમેદવારોને ગેરલાયક ઠેરવવા માટે સાચા આદિવાસી અધિકારી બચાવ સમિતિ દ્વારા બિરસા મુંડા ભવન ખાતે દેખાવો યોજવામાં આવ્યા હતા. આગામી દિવસોમાં હવે તેઓ વધુ જલદ કાર્યક્રમો યોજશે તેવી ચીમકી આ મંડળે આપી છે.

નેતા તથા આંદોલનકારી રાજુ વલવાઈ દ્વારા રાજ્ય સરકાર પર માલધારી સમાજને ઓબીસીમાં સમાવવાના બદલે અનુસૂચિત જનજાતિમાં દાખલાની જાહેર મેળાવડામાં લ્હાણી કરીને ગુજરાતના સાચા આદિવાસીઓના બંધારણીય હક પર તરાપ મારે છે જેનો ગામેગામ વિરોધ કરવાનો હુંકાર કરવામાં આવ્યો છે. આજે ગાંધીનગરમાં બીરસા મુંડા ભવન અનુસૂચિત જનજાતિમાં સમાવવાના ખોટા દાખલા માન્ય કરવા આંદોલન કરી દબાણ ઉભુ કરવાના પ્રયાસ તથા તેમના માટે ઓબીસીની જોગવાઈ હોવા છતાં સરકાર દ્વારા એસટીમાં સામેલ કરવાના પ્રયાસનો સખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉમેદવારોના જણાવ્યા મુજબ ૧૯૫૬માં રાષ્ટ્રપતિએ ગીર-બરડો આલેચના નેશમાં રહેતા રબારી, રબારી, ભરવાડ, ચારણને દરજ્જો આપી રહી છે તે ગેરબંધારણીય છે જેના દ્વારા સાચા આધિવાસીઓ બંધારણીય હક્ક ગુમાવે છે તે ચલાવી નહી લેવાય અને આવનાર પંચાયતી રાજની ચૂંટણીઓમાં સરકારને આદિવાસી તાકાત દેખાડી દેવામાં આવશે તેવી ચિમકી સાથે આદિવાસી યુવાનોએ દેખાવો કર્યા હતા તેમજ આદિવાસી કમિશ્નરને મળી રજૂઆતો કરી હતી.

# ચંદ્રાલાની એક હોટલનું બે વખત વેચાણ થતાં માલિક સામે બંનેની ફરિયાદ

ગાંધીનગર,તા.૨૩

ચિલોડા-હિંમતનગર માર્ગ પર આવેલા ચંદ્રાલા ગામના નાગરીકે પોતાની હોટલ બે વ્યકિતઓને વેચાણ કરી દીધી હોવાના આક્ષેપ સાથે પોલીસ ફરીયાદ થઈ છે. ચંદ્રાલાના નાગરીકે અમદાવાદના વેપારી પાસેથી રૂ.૫૨.૫૦ લાખ લઈને કબ્જા વગરનો રજીસ્ટ્ર બાનાખત વેચાણ કરાર કરી આપ્યો હતો. તેમ છતા હોટલ અન્ય વેચાણ કરી હોવાના આક્ષેપ સાથે છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાઈ છે.

અમદાવાદ ખાતે રહેતા ભવાનભાઈ સુરરાભાઈ ભરવાડ રણાસણ પાસે હોટલ ચલાવે છે. હોટલ ખાતે અવાર-નવાર જમવા માટે જતા દહેગામના સાંકાભાઈ રબારીને ઓળખતા હતા. વર્ષ ૨૦૧૮માં મજરા ચોકડી પાસે એક હોટલ વેચવાની વાત કરી હતી.તેઓ ચંદ્રાલા ગામની સીમમાં આવેલી શિવશકિત હોટલ જોવા માટે ગયા હતા.હોટલ પસંદ આવતા ફરીયાદીએ હોટલ માલિક જયંતિભાઈ પુંજીરામ પટેલ રહે.ચંદ્રાલા સાથે રૂ.૪૯ લાખમાં હોટલનો સોદો નક્કી થયો હતો. ફરીયાદીએ સોદો થતા જ રૂ.૧૫ લાખ કેશ આપ્યા હતા. જેને પગલે જયંતિભાઈએ કબ્જા વગરનું નોટરી બાનાખત કરી આપ્યું હતું.ત્યારબાદ ફરીયાદીએ રૂ.૧૦ લાખ રોકડા અને રૂ.૧૦ લાખનો ચેક આપ્યો હતો.ફરીયાદીએ રજિસ્ટર બાનાખત માટે ટાઈટલ કલીયર માંગતા બે વાંધા અરજી આવી હતી. તે અંગે આરોપી સાથે વાત કરતા તેમણે બાકીના રૂપીયા આપો એટલે વાંધાવાળાઓને આપી દઉં અને બેંકનો બોજો છે તે પણ કલીયર કરી આપુ. જેને અનુલક્ષી ફરીયાદીએ વેચાણ કિંમતની ૪૦ થી ૪૫ ટકા રકમ આપી દીધી હતી. એક માસ પછી જયંતિભાઈ ફરી આવ્યા હતા અને ફરીયાદીને કહ્યું હતું કે તમોએ આપેલા રૂપીયા અંગત દેવા તેમજ ધંધામાં વપરાઈ ગયા છે. જેથી ફરીયાદીને બીજા રૂ.૧૦.૫૦ લાખ આપ્યા હતા. ફરીયાદીએ મિલ્કત અંગેજાહેર નોટીસ આપતા તેમાં ગીરો નોંધ હોવાનુ સામે આવ્યું હતું. જેથી આરોપીએ દોઢલાખમાં બોજો દુર કરવાની વાત કરતા ફરીયાદીએ આપ્યા હતા. આ ઉપરાંત પણ અઆરોપીએ અંગત મકામ માટે ટુકડે-ટુકડે દોઢ લાખ રૂપીયા લીધા હતા. ફરીયાદી હોટલ ખાતે ગયા તે સમયે ત્યાં હાજર એક ભાઈ સાથેની વાતચીતમાં તેઓને જાણવા મળ્યું કે હોટલ તો મહેસાણાના એક રહીશને રૂ.૫૦ લાખમાં કબ્જા સાથે વેચી દીધી હતી. જેથી ફરીયાદીએ ચંદ્રાલા ગામના રહીશ જયંતિભાઈ પુંજીરામ પટેલ સામે છેંતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાવી છે.

## ડભોડામાંથી જુગારીઓ ઝડપાયા

ચિલોડા, તા. ૨૩

ડભોડા બહુચર માતાના મંદિર પાસે ખુલ્લામાં જુગાર રમી રહેલા ગામના જ ચેહરાજી ઉર્ફે લાલાજી મણાજી ઠાકોર (ઉં.વ.૨૫ સધીમાતાવાળો વાસ), અજમેલજી ઉર્ફે અજયજી જેણાજી ઠાકોર (ઉં.વ.૩૫ સરકારી ડેરી પાસે),તેમજ રાજુજી પ્રભાતજી ઠાકોર (ઉં.વ.૨૧ બહુચર માતાવાળો વાસ)ને ડભોડા પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૧૧,૧૧૦ જપ્ત કરી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




શ્રી નારદીપુર ગામ કડવા પાટીદાર પરિવારનો ૧૯મો સ્નેહમિલન કાર્યક્રમ દાસ્તાન ફાર્મ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેજસ્વી બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમાજના દશરથભાઈ પટેલ અને અમરતભાઈ પટેલે દાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રમુખ નરેન્દ્ર પટેલે દાતાઓ અને સભ્યોનો આભાર માન્યો હતો.

# વેવાઈ-વેવાણની કુંડળીમાં એકેય ગુણ ના મળતો હોય તો જ અમારી ‘હા’ છે..!!

### સોશ્યલ મિડિયા પર સુરતના વેવાઈ-વેવાણ ભાગી જવાના કિસ્સામાં નાગરિકોને કેતન ઈમાનદારના રાજીનામા કરતા પણ વધુ રસ પડ્યો..!!

ગાંધીનગર, તા. ૨૩

છેલ્લા કેટલાક દિવસથી સુરતના એક વેવાઈ તેમની વેવાણ સાથે ભાગી ગયાના સમાચારે રાજ્યભરમાં ભારે ઉત્સુકતા જગાવી છે અને આ કિસ્સો સોશ્યલ મિડીયા પર ખુબ છવાઈ જવા પામ્યો છે. વેવાઈ-વેવાણના આ અજબ પ્રેમના ગજબ કિસ્સામાં શું થયું તે જાણવામાં નેટીઝન્સે ભારે રૂચિ દાખવી છે. તેની સાથે સાથે કોઈ પણ સારી કે ખોટી પરિસ્થિતિનો મનોરંજન લાભ ઉઠાવવામાં પાવરધા નેટીઝન્સે આ કિસ્સામાં પણ અઢળક ચબરાકિયા ફરતા કરીને સતત મોજ માણી છે, એટલે સુધી કે ગુજરાતની ભાજપ સરકારના ધારાસભ્ય કેતન ઈમાનદારના રાજીનામાંથી મચેલા ખળભળાટ કરતા પણ નેટીજન્સે ‘વેવાઈ-વેવાણ’ના કિસ્સામાં ભારે રસ દાખવ્યો છે. વેવાઈ-વેવાણનું હવે આગળ શું થશે તે તો આવનારો સમય કહેશે પરંતુ આ પ્રકરણને પગલે સોશ્યલ મિડીયામાં અવિરત ધોધની જેમ વહેતા થયેલા ચબરાકિયાં પૈકી કેટલાક અત્રે પ્રસ્તુત છે.

- સુરતની પત્નિ : સાંભળો છો, તમે હમણાં બે દિવસ તમારા દોસ્તો સાથે દમણ ફરવા ચાલ્યાં જાઓ...
  પતિ : કેમ ?
  પત્નિ : કાલે વેવાણ સાડીઓનું શોપીંગ કરવા સુરત એકલાં આવવાના છે અને બે-ત્રણ દિવસ રોકાવાના છે.
- છોકરા માટે છોકરી જોઈને આવેલા બાપ-બેટા વચ્ચે ચર્ચા ચાલતી હતી...
  બાપા : તને શું તકલીફ છે એ ખબર પડતી નથી, છોકરી સરસ છે, વેવાઈ સારા છે, ખાનદાન સારૂ છે... પછી શું જોઈએ ?
  બેટો : પપ્પા વેવાણ કેવા લાગ્યાં ?
  બાપા : વેવાણ તો બધાથી સરસ છે..
  બેટો : બસ આ જ વાતની તકલીફ છે, હું પપ્પા ગુમાવવા નથી માંગતો..!!
- હવેથી લગ્નમાં આઠમુ વચન એ હશે કે ‘‘અમે વેવાઈ-વેવાણ એકબીજાને ભાઈ-બહેન કહીને બોલાવીશુ.’’
- આવનારા વર્ષ ૨૦૨૦ની નવી ગુજરાતી ફિલ્મો હશે...
  - વેવાણ વિના ગમતુ નથી,
  - વેવાઈનો વરઘોડો,
  - વેવાઈ તમને કાંઈ ના કેવાય,
  - વેવાણ હસ્યાં, વેવાઈ ફસ્યાં,
  - હાલો વેવાણ ગામડે...
- પતિ ફોન પર : આપણા ટીકુડા માટે એક સારી વાત આવી છે તો હું છોકરી જોતો આવું છુ.
  પત્નિ : ખબરદાર જો મને લીધા વગર જોવા ગયા છો તો...
  ... વહુ લેવા જતાં વેવાણ આવી જશે..!!
- છોકરા-છોકરીના લગ્ન ના પતે ત્યાં સુધી વેવાઈ-વેવાણને મળવા દેવામાં નહી આવે.!! (ભડકેલું વેવિશાળ જુથ)
- લગ્નવિધિ દરમ્યાન વરરાજાની માએ પતિને કોણી મારી કહ્યુ : ત્યાંથી જરાક આઘા બેસોને... વેવાણને પગ અડતો લાગે છે... બધા જોઈ રહ્યાં છે.
- હવેથી છોકરા-છોકરી એકલાં જ મળી લેશે, સામસામે મા-બાપ મળે એ પ્રથા નાબુદ થઈ જશે. (વેવાઈ-વેવાણ ઈફેક્ટ-કલમ ૧૪૩)
- હવે લગ્ન માટેની જાહેરાતમાં વેવાઈ-વેવાણનો બાટોડેટા પણ ધ્યાન દઈને જોવામાં આવશે. (વેવાઈ-વેવાણ ઈફેક્ટ)
- બાપા : દીકરા, આપણે કાલે તારા માટે કન્યા જોવા જવાનું છે.
  દિકરો : સારૂ, પણ તમે સાથે ના આવતા હોં.
- પતિ : આ તમે આજે ઘુંઘટ કેમ તાણ્યો છે ?
  પત્નિ : હમણાં વેવાઈ આવવાના છે ને એટલે...!!
- એક વેવાઈ શું ભાગી ગયો, એમાં તો બધી વેવાણોના મોબાઈલ ચેક થવા લાગ્યા..!!
- સાસુજી : આવો આવો જમાઈરાજ, આજે સવાર સવારમાં કેમ આવવાનું થયું ?
  જમાઈ : મારા પિતાશ્રી ગઈકાલના લાપત્તા છે, તો ‘‘વિચાર્યુ’’ કે તમારા ખબર-અંતર પુછતો જાઉ..!!
- આલોકનાથ : આજ હમારે દિલમેં અજબ પે ઉલઝન હે,
  ગાને બૈઠે ગાના, સામને સમધન હૈ,
  સલમાન ખાન : પેકઅપ, સંગીત સંધ્યાનો કાર્યક્રમ તાત્કાલિક કેન્સલ કરવામાં આવ્યો છે.
- પંડિતજી : વર અને કન્યાંના ગુણ બરાબર મળે છે, પુરા ૩૬ ગુણ મળે છે.
  મુરતિયો : પંડિતજી, લો આ વેવાઈ-વેવાણની કુંડળીઓ પણ મેળવી જુઓ, એકે ગુણ ના મળતો હોય તો જ મારી ‘હા’ છે.



## ગાંધીનગરની દિકરી રોલબોલમાં રાષ્ટ્રીય કક્ષાએ ઝળકી

ગાંધીનગરના સેક્ટર-૨૩માં મમતા સ્પોર્ટસ સેન્ટર ખાતે તાલીમ લઈ રહેલી તાલીમાર્થી મૂલીયારોયે તાજેતરમાં હરિયાણાના કુરુક્ષેત્રમાં દ્રોણાચાર્ય સ્ટેડિયમ ખાતે યોજાયેલ મીની રોલબોલ ચેમ્પિયનશીપ-૨૦૧૯-૨૦માં અન્ડર-૧૧ કેટેગરીમાં ગુજરાતની ટીમ વતી ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગુજરાતની ટીમ સાથે તેણે સિલ્વર મેડલ પ્રાપ્ત કરતા સંસ્થાના કોચ વસીમ મનસુરી તથા પ્રિન્સિપાલ દિનાબેન ડોડીયાએ અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર ખાતે ૨૫મીએ રાજ્ય કક્ષાના ૧૦માં ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૦’ની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા. ૨૩

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને આગામી તા.૨૫ જાન્યુઆરીના રોજ ગાંધીનગર ખાતે રાજયકક્ષાના ૧૦માં ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૦’ની ઉજવણી કરવામાં આવશે. આ સાથે ગુજરાતના તમામ મતદાન મથકો, તાલુકા તથા જિલ્લા મથકોએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જે માટે ચૂંટણી પંચ દ્વારા આ વર્ષે ‘મજબૂત લોકશાહી માટે મતદાર સાક્ષરતા’ - “Electroal Literacy fro Stronger Democracy” થીમ નક્કી કરાઈ છે.

મેડિકલ કોલેજ ઓડિટોરીયમ, સિવિલ હોસ્પીટલ કેમ્પસ, સેક્ટર-૧૨ ગાંધીનગર ખાતે યોજાનાર રાજ્ય કક્ષાના મતદાતા દિવસની ઊજવણી કાર્યક્રમમાં ચૂંટણી પ્રક્રિયામાં સાતત્યપૂર્ણ, નિષ્ઠાપૂર્વક અને સમર્પિતપણે કામગીરી કરનાર જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ, મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ, બુથ લેવલ ઓફિસર વગેરે જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારી, કર્મચારીઓને સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત ઉપસ્થિત સૌને નિર્ભયતાપૂર્વક તેમજ પ્રલોભનથી પ્રભાવિત થયા વિના મતદાન કરવા અંગેના શપથ લેવડાવવામાં આવશે.

આ ઊજવણીના ભાગરૂપે રાજયની માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તથા ઉચ્ચણ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના નાગરિકો એમ બે અલગ-અલગ કેટેગરીમાં ‘યુવા મતદાર મહોત્સવ’નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત પોસ્ટર/મેસ્કોટ મેકીંગ અને જીંગલ્સ માટેની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેના વિજેતાઓને આ દિવસે રાજયકક્ષાના ‘રાષ્ટ્રીય મતદાતા દિવસ’ કાર્યક્રમમાં સન્માનિત કરવામાં આવશે.

# કોલવડા ખાતેના તાલીમાર્થીઓ રાજ્યના ગ્રામીણ વિસ્તારની આરોગ્ય સુખાકારી સંભાળશે

### આજથી પ્રારંભ થયેલ આરોગ્ય સમન્વય તાલીમના તાલીમાર્થીઓ રાજ્યના ૯ હજાર સબ કેન્દ્રો પર આરોગ્ય અધિકારીની ભૂમિકા ભજવી શકશે

ગાંધીનગર, તા. ૨૩

આજે ગાંધીનગરના કોલવડા ખાતે આયુષ તાલીમ કેન્દ્ર ખાતે આરોગ્ય સમન્વય તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આરોગ્ય સમન્વય તાલીમનું આયોજન કોલવડા ખાતેની સ્ટેટ મોડેલ આયુર્વેદ કોલેજ તથા વડોદરા ખાતેની સ્ટેટ ઈન્સ્ટિટ્યુટ ઓફ હેલ્થ એન્ડ ફેમિલી વેલ્ફેર દ્વારા સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું છે.



આરોગ્ય સમન્વય તાલીમ કાર્યક્રમના પ્રારંભે મુખ્ય મહેમાનપદે રાજ્યના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરના નોડેલ ઓફિસર ડૉ. દિનેશ બારોટ તથા ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રેસિડેન્ટ તથા વિધાનસભાના ચીફ મેડીકલ ઓફિસર ડૉ. અનિલ ચૌહાણ તથા કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સ્વીટી રૂપારેલ અને ડેપ્યુટી સુપ્રિટેન્ડન્ટ ડૉ. જાડેજાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યુ હતુ. આરોગ્ય સમન્વય તાલીમમાં તાલીમાર્થીઓને ૨૧ દિવસની તાલીમ આપવામાં આવશે જેના આધારે તાલીમાર્થીઓ ભવિષ્યમાં ગ્રામ્યકક્ષાએ સબ સેન્ટર પર આરોગ્ય અધિકારી તરીકે પોતાની ભૂમિકા ભજવી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત રાજ્યમાં આશરે ૯ હજાર જેટલા સબ સેન્ટર છે જેમાં તબીબી તાલીમ લીધેલા અધિકારીઓ ગ્રામજનોની આરોગ્યની સર્વાંગી સુખાકારીનું ધ્યાન રાખી શકશે.



બસ હવે થોડાક સમયમાં ઘ-૪નું સર્કલ તેનુ જુનુ રૂપરંગ ગુમાવી દેશે. અનેક યાદો સાથે જોડાયેલા આ સર્કલને ક્યારનુય તોડી નંખાયુ છે. અંડરપાસ બનાવવાની કામગીરીના કારણે આ સર્કલે તેનુ મૂળ સ્વરૂપ ગુમાવી દીધુ છે. અંડરપાસ બનાવવાની કામગીરી ખૂબ જ ઝડપથી ચાલી રહી છે. આ દરમ્યાન અહીંના સ્ટ્રીટલાઈટના પોલ પણ કાઢી નાંખવામાં આવી રહ્યા છે.